# મતદાન મથકે આરોગ્ય સુરક્ષા છત્ર ઉપલબ્ધ કરાવવા જિલ્લા અને મહાનગર પાલિકા આરોગ્ય તંત્ર ખડે પગે

**આરોગ્ય વ્યવસ્થામાં ૧૦૮ સેવાનો પણ લેવાશે સહયોગ..**

**તબીબો સહિત ૨ હજાર થી વધુ આરોગ્ય કર્મચારીઓ મતદાન દરમિયાન સેવાઓ આપશે...**






કમલમ્ ન્યુઝ, વડોદરા,

શહેર અને જિલ્લાના અન્ય તંત્રોની જેમ ચૂંટણી પ્રક્રિયા અને મતદાનને સફળ બનાવવામાં આરોગ્ય તંત્રો ખૂબ ચાવીરૂપ યોગદાન આપે છે. ખાસ કરીને મતદાનના દિવસે હજારોની સંખ્યામાં ઊભા કરવામાં આવતા મતદાન મથકો અને અગાઉના દિવસે મતદાન સામગ્રીના વિતરણ સમયે પણ જિલ્લા અને મહાનગર પાલિકા આરોગ્ય ટીમો ખૂબ ખંતપૂર્વક સ્વાસ્થ્ય રક્ષા સેવાઓ આપે છે. આ ચૂંટણી વખતે એવું બન્યું છે કે માત્ર ગણતરીના દિવસ અગાઉ પાદરામાં અને ગઈકાલે ભાયલી નજીક રાઈપુરામાં દૂષિત ખોરાકથી મોટી સંખ્યામાં આરોગ્ય કથળવાની બનેલી ઘટનાઓ વચ્ચે આરોગ્ય તંત્ર ચૂંટણીની ફરજો પણ અદા કરી રહ્યું છે. મતદાનનાદિવસે શહેર અને જિલ્લા આરોગ્ય તંત્રના તબીબો સહિત ૨ હજાર થી વધુ આરોગ્ય કર્મયોગી સેવાઓ આપશે એવી જાણકારી આપતાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.મીનાક્ષી ચૌહાણે જણાવ્યું કે આરોગ્ય ની ટીમો આજ થી જ ચૂંટણી ફરજોમાં જોડાઈ ગઈ છે. આજે વડોદરા શહેર ની પાંચ અને જિલ્લાની પાંચ એમ કુલ ૧૦ વિધાનસભા બેઠકોના ૧૦ મતદાન સામગ્રી વિતરણ કેન્દ્રો ખાતે તબીબો અને પેરા મેડિકલ સ્ટાફ તેમજ જરૂરી દવાઓ સાથે મેડિકલ ટીમો તૈનાત રાખવામાં આવી હતી.વિતરણ દરમિયાન કોઈ આરોગ્ય વિષયક તકલીફ સર્જાય તો તુરત સેવા મળી રહે તેવા આશય સાથે આ વ્યવસ્થા કરવામાં આવી હતી. શહેર અને જિલ્લાના ૨૫૯૦ મતદાન મથકો ખાતે ફરજ બજાવનારી મતદાન ટુકડીઓ ને મેડિકલ કીટ આપવામાં આવી છે જેમાં તાવ,વોમિટીંગ જેવી સામાન્ય માંદગીમાં ઉપયોગી દવાઓ રાખવામાં આવી છે. દરેક મતદાન મથક માટે એક મેડિકલ ટીમ નિયુક્ત કરવામાં આવી છે જેમાં પુરુષ અને મહિલા આરોગ્ય કાર્યકરો અને આશા કાર્યકર બહેનોનો સમાવેશ થાય છે. તેમની સાથે જરૂરી દવાઓ સેની ટાઈઝર,માસ્ક પણ રહેશે. જ્યારે નજીકના પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે તબીબો અને પેરા મેડિકલ સ્ટાફ મતદાન શરૂ થાય ત્યાર થી પૂરું થવા સુધી ઉપસ્થિત રહેશે

અને જરૂરિયાત ના સંજોગોમાં ત્વરિત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવશે. જીવન રક્ષક સેવા ૧૦૮ સાથે પણ સંકલન કરવામાં આવ્યું છે જેનો પણ આરોગ્ય કટોકટીને પહોંચી વળવા માટે વિનિયોગ કરવામાં આવશે.



## ધોરાજીમાં મતદાન મથક પર પત્નીની જગ્યાએ પતિ કામ કરતો ઝડપાયો

**પત્નીની જગ્યાએ પતિ કામ કરતો ઝડપાયો, પત્ની ફરજમુક્ત, પતિ વિરુદ્ધ કાર્યવાહી**

કમલમ્ ન્યુઝ, રાજકોટ

ધોરાજીમાં ચૂંટણી ફરજ દરમિયાન બેદરકારી દાખવનારા બીએલઓ શિક્ષિકાને અંતે જિલ્લા શિક્ષણાધિકારીએ સસ્પેન્ડ કરી દેતાં ખળભળાટ મચી ગયો છે. ધોરાજીના કે.ઓ. શાહ કોલેજના મતદાન મથક ખાતે બીએલઓ તરીકે ફરજ બજાવતાં મહીલા શિક્ષીકા જોસનાબેન રાબડીયાના પતિ રાજૂભાઈને બીએલઓ તરીકે ફરજ બજાવતા હોવાની લોકોને જાણ થતાં ચૂંટણી પંચને રજૂઆત કરી હતી અને તાડબતોબ તેમને ઉઠાડી દેવાયા હતા અને તેમના પત્નીને ફરજમુકત કરાયા હતા. બાદમાં મામલો શિક્ષણાધિકારી સમક્ષ પહોંચ્યો હતો અને શિક્ષિકાને સસ્પેન્ડ કરાયા છે. ધોરાજીના કે.ઓ. શાહ કોલેજના મતદાન મથક ખાતે જોસનાબેનને બીએલઓની ફરજ સોંપવામાં આવી હતી અને તેના બદલે શરૂઆતના કલાકોમાં તેમના પતિ રાજુભાઈ બેઠા હતા. લોકોએ તેનો રિપોર્ટ ચૂંટણી અધિકારીને કરતાં તે રિપોર્ટના આધારે ધોરાજી શાળા નંબર ૧૧ ના પ્રાથમિક શિક્ષક જોસનાબેન રાબડીયાવિરુદ્ધ રાષ્ટ્રીય કામગીરીમાં બેદરકારી દાખવા બાબતે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૨૬નું ઉલ્લંઘન કરેલું હોય તેમ જ ગુજરાત પંચાયત સેવા શિસ્ત અધિનિયમ ૧૯૯૭ ની કલમ ૫ હેઠળ તેઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કૈલાએ જણાવ્યું હતું કે તેમના સસ્પેન્ડનો ઓર્ડર ધોરાજી તાલુકા પંચાયત શિક્ષણ અધિકારીને આપી દેવાયો છે અને જોસનાબેનને સસ્પેન્ડ આવેલ છે.

ધોરાજી નાયબ કલેક્ટર જયેશ લિખિયાએ જણાવ્યું હતું કે ધોરાજીમાં બીએલઓ પત્નીના બદલે ફરજ પર બેઠેલા તેમના પતિ સામે પગલા ભરવા માટે રીપોર્ટ કરાયો હતો. મહિલા બીએલઓ કર્મચારી સામે વિધાનસભા સામાન્ય ચૂંટણીમાં રાષ્ટ્રીય ફરજ બજાવવામા બેદરકારી દાખવવા મામલે લોક પ્રતિનિધિત્વ ધારા તળે આકરી કાર્યવાહી હાથ ધરવા માટે જિલ્લા કલેક્ટરને રીપોર્ટ કરાયોહતો. જેના અનુસંધાને જિલ્લા કલેક્ટરે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને આ બાબતનો રિપોર્ટ પહોંચાડતા તાત્કાલિક અસરથી કાર્યવાહી કરાઈ છે.

## નાની તુંબડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવી

**એઇડ્સની નિયમીત સારવાર લેવાથી લાંબુ અને સ્વસ્થ જીવન જીવી શકાય છે**



**એઇડ્સની તપાસ અને સારવાર આરોગ્ય કેન્દ્રમાં મફત આપવામાં આવે છે**



કમલમ્ ન્યુઝ, મુન્દ્રા,

તાલુકા હેલ્થ ઓફિસર ડો. કૈલાશપતિ પાસવાનના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત તાજેતરમાં નાની તુંબડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. યોગેન્દ્રપ્રસાદ મહતોએ એચ.આઈ.વી વાયરસથી ફેલાતા એઈડ્સ વિશે વિગતવાર સમજ આપતા જણાવ્યું હતું કે જો એચ.આઈ.વી. પોઝીટીવ વ્યક્તિ નિયમીત યોગ્ય દવા ન લે તો વધુ ઘાતક સાબીત થઈ શકે છે અને એચ.આઈ.વી. સાથે ટી.બી.નો ચેપ હોય તો તેની નિયમીત સારવાર કરવામાં ન આવે તો જીવલેણ સાબીત થઈ શકે છે. સમયસરની જાણ અને યોગ્ય સારવારથી ટી.બી. સાથે એચ.આઈ.વી. પોઝીટીવ વ્યક્તિ સ્વસ્થ અને લાંબુ જીવન જીવીશકે છે. એચ.આઈ.વી. પોઝીટીવ વ્યક્તિને ટી.બી.ના રોગનો ચેપ લાગવાની શક્યતાઓ વધુ રહેલી હોય છે એટલે કે એચ.આઈ.વી. ગ્રસ્ત વ્યક્તિને લાગતો સૌ પ્રથમ તકવાદી રોગ એ ટી.બી. છે. નાની તુંબડી આરોગ્ય કેન્દ્ર દ્વારા એચ.આઈ.વી. પોઝીટીવ વ્યક્તિની ટી.બી.ની તપાસ અને ટી.બી.ના દર્દીની એચ.આઈ.વી.ની તપાસ મફતમાં કરી આપવામાં આવે છે. એચ.આઈ.વી. પોઝીટીવ વ્યક્તિને ટી.બી. થાય તો બન્ને રોગની નિયમીત સારવાર લેવાથી લાંબુ અને સ્વસ્થ જીવન જીવી શકાય છે. ટી.બી. અને એઈડ્સ રોગની સારવાર આરોગ્ય કેન્દ્ર ખાતે સંપૂર્ણ મફત આપવામાં આવે છે તથા સરકાર દ્વારા સારવાર અને તબીબી સહાયના ભાગરૂપે મહિને ૫૦૦ રૂપિયા સહાય આપવામાં આવે છે તે માટે નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે. એડોલેશન હેલ્થ કાઉન્સેલર મહેન્દ્ર વાઘેલાએ કિશોરીઓને એઈડ્સ જેવા ચેપીરોગથી પોતાની જાતને કેવી રીતે સુરક્ષિત રાખવી એના વિશે સમજણ આપી હતી. લેબોરેટરી તપાસ શોભનાબેન પરમાર દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમ સફળ બનાવવા કેન્દ્રના સુરેશ પટ્ટણી, ફીમેલ સુપરવાઈઝર સપનાબેન ગુંસાઈ, સી.એચ.ઓ, આરોગ્ય કાર્યકર તથા આશા બહેનોએ જહેમત ઉઠાવી હતી.

### એચ.આઈ.વી.નો ચેપ કઇ રીતે ફેલાઇ શકે છે?

૧. અસલામત જાતીય સંબંધ
૨. હોસ્પીટલના સાધનો અને સોય - સિરિન્જને યોગ્ય રીતે જંતુમુક્ત કરવામાં આવ્યા ન હોય અને તેનો વારંવાર ઉપયોગ કરવામાં આવ્યોહોય ત્યારે
૩. અસલામત લોહી ચઢાવવાથી
૪. એચ.આઈ.વી.ના ચેપગ્રસ્ત માતાથી બાળકને લાગતો ચેપ

### એચ.આઇ.વી. નો ચેપ કઇ રીતે ફેલાતો નથી?

૧. હાથ મિલાવવાથી
૨. એચ.આઈ.વી.ની ચેપગ્રસ્ત વ્યક્તિ સાથે જમવાથી
૩. ચેપગ્રસ્ત વ્યક્તિને હળવું ચુંબન આપવાથી
૪. હવા દ્વારા અથવા થુંકવા કે છીંકવાથી
૫. ખોરાક અથવા પાણી દ્વારા
૬. પરસેવો અને આંસુ દ્વારા
૭. ચેપગ્રસ્ત વ્યક્તિ સાથે કપ, પ્લેટ્સ અને વાસણોનો સહિયારો ઉપયોગ કરવાથી
૮. ચેપગ્રસ્ત વ્યક્તિને સ્પર્શ કરવાથી કે તેને આલિંગન આપવાથી
૯. ચેપગ્રસ્ત વ્યક્તિ સાથે એક જ સંડાસ અને બાથરૂમનો ઉપયોગ કરવાથી
૧૦. ચેપગ્રસ્ત વ્યક્તિના કપડાં પહેરવાથી/ તેને પોતાના કપડાં પહેરવા આપવાથી
૧૧. ચેપગ્રસ્ત વ્યક્તિ સાથે રહેવાથી
૧૨. મચ્છરો, ચાંચડ અથવા અન્ય જંતુઓના કરડવાથી

## જિલ્લા ચૂંટણી અધિકારીએ સખી મતદાન મથકની સંચાલક મહિલા ટીમનો ઉત્સાહ વધાર્યો



કમલમ્ ન્યુઝ, વડોદરા

બગીખાના ના રવાનગી મથક ખાતે સખી મતદાન મથકની મહિલા ટીમોનો ઉત્સાહ વધારતા જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર શ્રી અતુલ ગોરે જણાવ્યું કે મને વિશ્વાસ છે કે તમે ખૂબ સરસ કામગીરી કરશો.ખૂબ આત્મ વિશ્વાસ સાથે કામ કરજો.આ એક તક મળી છે.. ખીલી ઊઠ્જો. દિવ્યાંગકર્મીઓ દ્વારા સંચાલિત મતદાન મથકના સ્ટાફ નો વિશ્વાસ વધારતા જણાવ્યું કે હું તમારો સુકાની છું.તમે ખૂબ સરસ કામ કરવાના છો.હું તમારી મુલાકાત લઈશ. સખી મતદાર મથકની સંચાલક બહેનો રશ્મિબેન અને રૂબિકા પહેલીવાર પ્રમુખ મતદાન અધિકારી તરીકે ફરજ બજાવવાના છે. તેમને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે એક મહિલા કર્મચારી એવા છે કે જે દીકરીની સગાઈ નો પ્રસંગ પૂરો કરી ને ચુંટણીમાં જોડાઈ ગયા છે. આવા કર્મયોગીઓ જ ચૂંટણીના પડકારો ને સફળ બનાવે છે.

## તિલકવાડાના રોજાનાર ગામના આધેડે એકલતા લાગી આવતા કપાસમાં છાંટવાની દવા પીધી, સારવાર દરમિયાન મોત

કમલમ્ ન્યુઝ, નર્મદા,

તિલકવાડા તાલુકાના રોજાનાર ગામના ૪૫ વર્ષીય આધેડ કે જેઓના લગ્ન નહીં થતા તેઓ એકલતાનો અનુભવ કરી રહ્યાં હતા. જેથી મનમાં લાગી આવતા તેઓએ કપાસમાં છાંટવાની ઝેરી દવા ગટગટાવી લીધી હતી. બાદમાં સારવાર દરમિયાન તેઓનું મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગત અનુસાર તિલકવાડા તાલુકાના રોઝાનાર ગામના રહેવાસી ૪૫ વર્ષીય રમેશ હિંમતભાઈ બારીયાના લગ્ન નહીં થવાને કારણે તેઓ એકલતાનો અનુભવ કરતા હતા. જેના કારણે તેઓને મનમાં આઘાત લાગી આવતા તારીખ ૨ / ૧૨ / ૨૦૨૨ ના રોજ સાંજના સમય ગાળા દરમિયાન રોજનાર ગામે પોતાના ઘરે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી ગયા હતા. જેથી તેમના પરિજનો તેઓને સારવાર અર્થે તિલકવાડા સરકારી હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન રાત્રીના દરમિયાન તેઓનું મરણ થયું હોવાનું જાણવા મળેલ છે. આ ઘટનાની જાણ તિલકવાડા પોલીસને થતા પોલીસે કાયદેસર ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ૨૭ હિંમતનગર વિધાનસભામાં સાત મતદાન મથકો સંપૂર્ણ મહિલા સંચાલિત કાર્યરત કરાયા

**એક ઇકો ફ્રેન્ડલી પોલિંગ સ્ટેશન, એક આદર્શ મતદાન મથક, એક પી. ડબ્લ્યુ. ડી. સંચાલિત પોલિંગ સ્ટેશન અને એક યુથ પોલિંગ સ્ટેશન કાર્યરત કરવામાં આવ્યા**





કમલમ્ ન્યુઝ, મનુભાઈ નાયી

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ અંતર્ગત ઉત્તર ગુજરાતમાં બીજા તબક્કાનું મતદાન આગામી તારીખ ૫/ ૧૨/ ૨૦૨૨ના રોજ યોજાનાર છે. જેમાં સાબરકાંઠા જિલ્લાની ચાર વિધાનસભા હિંમતનગર, પ્રાંતિજ, ઈડર અને ખેડબ્રહ્માનો સમાવેશ થાય છે. જિલ્લામાં નોંધાયેલા તમામ મતદારો તેના મતાધિકારનો ઉપયોગ કરે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાગૃતિ રેલી દ્વારા મતદાન અચૂક કરવાની સાથે લોકશાહીના પર્વને ઉત્સાહભેર ઉજવવા અપીલ કરવામાં આવે છે. અને તંત્ર દ્વારા મતદારોની મતદાન મથકે સુવિધા મળી રહે અને મહિલા મતદારો પણ તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે હિંમતનગર વિધાનસભા મત વિસ્તારમાં સાત મતદાન મથકો સંપૂર્ણ મહિલા સંચાલિત ઊભા કરાયા છે અને તેમાં પાંચ મહિલા સ્ટાફ મૂકવામાં આવ્યો છે અને તેના નોડલ અધિકારી તરીકે શ્રીમતી મીઠીબેન દેસાઈ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની નિમણૂક કરવામાં આવી છે આ મહિલા મેનેજ પોલિંગ સ્ટેશનમાં ૪૦ વીરપુર -૧ પ્રાથમિક શાળા રૂમ નંબર -૨ માં કુલ નોંધાયેલા મતદારો ૧૧૭૫ છે અને ૩૪ હિંમતનગર –૨માં ત્રિવેણી વિદ્યાલય રૂમ નંબર ૬ માં ૧૦૪૫ મતદારો છે. ૭૬ હિંમતનગર -૪ મહેતાપુરા પ્રાથમિક શાળા રૂમ નંબર ૧૦ માં ૮૬૯ મતદારો છે. ૧૯૦ કાંકણોલ -૧ પ્રાથમિક શાળા નંબર ૧ બીઆરસી ભવન ખાતે ૧૧૬૭ મતદારો છે. ૯૦ હિંમતનગર- ૧૮ રાજેન્દ્ર બાગ પ્રાથમિક શાળા રૂમ નંબર -બે માં ૭૦૫ મતદારો નોંધાયેલ છે.

૧૦૨ હિંમતનગર -૩૦ માં તાલુકા પ્રાથમિક શાળા રૂમ નંબર - ૧૬ માં ૪૭૯ મતદારો જ્યારે મતદાન મથક ૨૧૫ ગઢોડા ૧ ન્યુ પ્રાથમિક શાળા રૂમ નંબર ૫માં ૯૯૧ મતદારો છે જે તેમના મત અધિકારનો ઉપયોગ મતદાનના દિવસે કરશે. આ ઉપરાંત ૧- હિંમતનગર પેથાપુર ૧ પ્રાથમિક શાળા રૂમ નંબર ૧ ખાતે ઈકો ફ્રેન્ડલી પોલીંગ સ્ટેશન બનાવવામાં આવ્યું છે જેમાં ૯૪૮ મતદારો છે તથા આદર્શ મતદાન મથક ૨૨૦ હડીયોલ- ૩ પ્રાથમિક શાળામાં પ્રાર્થના હોલ જેમાં ૧૧૦૫ મતદારો નોંધાયેલ છે. પી.ડબલ્યુ. ડી મેનેજ પોલીસ સ્ટેશન ૯૫ હિંમતનગર ૨૩ ડી.આઈ. એલ. આર. ઓફિસ રૂમ નંબર ૧ જેમાં ૬૧૧ મતદારો નોંધાયેલા છે. જ્યાં તેઓ મતાધિકારનો ઉપયોગ કરી શકશે. ૮૯ હિંમતનગર ૧૭ ખાતે યુથ પોલીંગ સ્ટેશન કાર્યરત કરવામાં આવ્યું છે. માણેક કૃપા હાઈસ્કૂલ રૂમ નંબર ૪ કાર્યરત છે જેમાં ૧૩૭૨ મતદારો નોંધાયેલા છે જે તેમના મતાધિકારનો ઉપયોગ મતદાનના દિવસે કરી શકશે. ચૂંટણી સાથે સંકળાયેલા કર્મીઓ પણ સકારાત્મક ભૂમિકા ભજવીને મતદારોને સહયોગ કરશે. આ જ રીતે જિલ્લાના દરેક વિધાનસભા મતદાન વિસ્તારમાં પણ આ જ રીતે સુવિધા વહીવટી તંત્ર દ્વારા ઊભી કરવામાં આવી છે જેનો મતદારોએ લાભ લઈ અવશ્ય મતદાન કરવું.

